# <u>પ્રેસનોટ</u>

તારીખ:૦૫-૦૮-૨૦૨૨

---

## ગુજરાત યુનિવર્સિટી ખાસ પદવીદાન સમારોહ

આજરોજ તારીખ:૦૫-૦૮-૨૦૨૨ના શુક્રવારના રોજ ગુજરાત યુનિવર્સિટી નો ખાસ પદવીદાન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખા અનુસાર વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ ખાસ પદવીદાન સમારંભમાં ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) હિમાંશુ પંડ્યા, કુલસચિવશ્રી ડૉ. પી. એમ. પટેલ તથા ગુજરાત યુનિવર્સિટીની અલગ-અલગ વિદ્યાશાખાના ડીનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મેમ્બર્સ પણ આ ખાસ પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાશાખાના ડીનશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવા માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) હિમાંશુ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવા માટે અનુમોદન આપવામાં આવ્યું હતું. આ પદવીદાન સમારંભમાં અલગ અલગ વિદ્યાશાખાઓ થઇ કુલ ૧૩,૬૫૨ પદવીઓ/ડીપ્લોમાઓ એનાયત કરવામાં આવી હતી. કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ. વધુ વિગતો અત્રે સામેલ છે.

## કુલ એનાયત થનાર પદવીઓની સંખ્યા

તા. ૫-૮-૨૦૨૨ શુક્રવારના રોજ આયોજિત ખાસ પદવીદાન સમારંભમાં વિદ્યાશાખાવાર અર્પણ થનાર પદવી / ડિપ્લોમા પ્રમાણપત્રોની કુલ સંખ્યાની માહિતી નીચે મુજબ છે :

| ક્રમ | વિદ્યાશાખાનું નામ | એનાયત થનાર પદવી/ડિપ્લોમા પ્રમાણપત્રોની સંખ્યા |
|---|---|---|
| ૧. | વિનયન વિદ્યાશાખા | ૨૮૩૯ |
| ૨. | વિજ્ઞાન વિદ્યાશાખા | ૧૩૮૩ |
| ૩. | ઈજનેરી વિદ્યાશાખા | ૬૦ |
| ૪. | કાયદા વિદ્યાશાખા | ૪૮૪ |
| ૫. | તબીબી વિદ્યાશાખા | ૧૪૨૮ |
| ૬. | વાણિજ્ય વિદ્યાશાખા | ૬૦૭૭ |
| ૭. | દંત વિજ્ઞાન વિદ્યાશાખા | ૩૭૦ |
| ૮. | ફાર્મસી વિદ્યાશાખા | ૦૧ |
| ૯. | શિક્ષણ વિદ્યાશાખા | ૧૦૧૦ |
| | | કુલ ... ૧૩,૬૫૨ |